# સુરતના બીજા અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં

રૂમ નં. ૩૦૨, ડિસ્ટ્રિક્ટ કોર્ટ કોમ્પ્લેક્ષ, અઠવાલાઇન્સ, સુરત

| ફોજદારી પરચુરણ અરજી ક્રમાંક –૮૨૭૦/૨૦૨૨ | | |
|---|---|---|
| દાખલ તારીખ – ૨૬/૧૨/૨૦૨૨ | ફેંસલ તારીખ – ૩૧/૧૨/૨૦૨૨ | સમય – ૦૫ દિવસ **આંક–** |

અરજદાર/આરોપી **અનિલ હરસુખભાઇ દેવાણી.**
ઉ.આ.વ.૩૬,ધંધો–વેપાર,
રહે.ફલેટ નં.૨૦૧,સજાવટ કોમ્પલેક્ષ ન્યુબસ સ્ટેશન સામે,મુ.તાલાળા,તા.તાલાળા,જિ.ગીરસોમનાથ.
હાલ રહે–લાજપોર જેલ.

વિ. વકીલશ્રી :– આર.બી.લાઠીયા.

વિરૂધ્ધ

સામાવાળા :– શ્રી સરકાર

વિ.એ.પી.પી.શ્રી : ડી.વી.દવે.

**ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૯ મુજબની અરજી**

સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નં.૧૧૨૧૦૦૫૫૨૨૦૪૭૬/૨૦૨૨, ઇ.પી.કો.કલમ–૪૨૦,૪૦૯,૧૧૪,૧૨૦બી મુજબ

## ચુકાદો

1. **ટુંકી વિગત:**– હાલના અરજદાર/આરોપીએ સહઆરોપી મુકેશ જૈનનાઓ સાથે મળી ફરિયાદીશ્રીની એસ.પી.સિલ્ક નામની ફર્મમાંથી તા. ૧૩–૪–૨૦૨૨ ના રોજ બિલ ચલણથી રૂ.૩,૨૫,૯૭૩/– નાની મત્તાનો ગ્રે કાપડનો માલ મેળવી લીધેલ જેમાંથી કોઇ પણ પેમેન્ટ ન આપી છેતરપિંડી કરેલ હોય તેમજ આ ફરિયાદી સિવાય સાહેદ નં.૧ દિનેશભાઇ કાનજીભાઇ ચોવટીયાનાઓની ધીરજ સિલ્ક મિલમાંથી ૪,૫૦,૨૮૪/– ની મત્તાનો ગ્રે કાપડનો માલ સાહેદ નં.૨ આકાશ કાલુરામ ભવસારનાઓની ગુર્જર ટેક્ષટાઇલમાંથી રૂ.૧૩,૯૧,૦૪૦/– ની મત્તાનો ગ્રે કાપડનો માલ

તથા સાહેદ નં.૩ કનુભાઇ કથ્થડભાઇ જીંજાળાનાઓની રાધે કસ નામની ફર્મમાંથી રૂ.૬૬,૯૪૨/- ની મત્તાનો ફીનીશ કાપડનો માલ તથા સાહેદ નં.૪ અસ્લમભાઇ સમસુદ્દીન શેખની રૂબીના ફેબ્રીકસમાંથી રૂ.૩,૭૫,૭૭૦ ની મત્તાનો ગ્રે કાપડનો માલ તથા સાહેદ નં.૫ મયુરભાઇ વિઠ્ઠલભાઇ પટોટીયાનાઓની કાકા સિંથેટીકમાંથી રૂ.૨,૪૫,૨૨૮/- ની મત્તાનો અલગ અલગ કવોલીટીનો સાડીઓના કાપડનો માલ તથા સાહેદ નં.૬ પિયુષભાઇ મહેશભાઇ કથીરીયાનાઓની મીત ફેશનમાંથી ૧૫,૮૩,૩૧૬/- ની મત્તાનો નાયકોન બલાટન તથા અન્ય કવોલીટીનો સાડીઓનો કાપડનો માલ મળીને ફરિયાદી તથા સાહેદોનાઓ પાસેથી કુલે રૂ.૪૪,૩૮,૫૫૩/- ની મત્તાનો ગ્રે કાપડનો તથા અલગ અલગ કવોલીટીના સાડીઓના કાપડનો માલ મેળવી તેનું પેમેન્ટ નહીં કરી પોતાનો મોબાઇલ ફોન તથા વેપાર ધંધો બંધ કરી ઉઠમણું કરી નાસી જઇ ફરિયાદી તથા સાહેદોનાઓ સાથએ છેતરપિંડી કરેલાની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સદર કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ મુજબ જામીન મુકત થવા અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે.

2. **તપાસ કરનાર અધિકારીશ્રીનું સોગંદનામું:**- આ કામે ત.ક.અ.શ્રીએ સોગંદનામું રજુ કરીને આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનો વિરોધ કરેલ છે. બનાવની વિગતોનું વર્ણન ફરિયાદ તેમજ તપાસમાં બહાર આવેલ વિગતો પ્રમાણે તેમજ પોતાના સોગંદનામા દ્વારા રજુઆત કરેલ છે કે,હાલના અરજદાર/આરોપીનાઓએ આ કામના અન્ય આરોપીઓ સાથે મળી પુર્વ આયોજિત કાવતરૂ રચી ટેક્ષટાઇલ માર્કેટના કાપડના વેપારીઓ પાસેથી ઉધારીમાં કાપડનો માલ મેળવી/અપાવી, પોતાની કાપડની દુકાન બંધ કરી મોબાઇલ સ્વીચ ઓફ કરી નાસી ગયેલ હોય તેમજ સદર ગુનાની તપાસ હાલમાં ચાલુ હોય તેમજ મુખ્ય આરોપી પોતાની ધરપકડથી બચવા સારૂ નાસતો ફરે છે તેથી અરજદાર/આરોપીને આવા ગંભીર ગુનામાં જામીન આપવામાં આવે તો આવા પ્રકારના ગુનાઓનો ગ્રાફ પણ વધતો રહે તેવી શકયતા હોવાથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા

રજુઆત કરેલ છે.

3. **રજુ થયેલ દસ્તાવેજો**:–

(a) અરજદાર/આરોપી તરફે:–સદર ગુનાની એફ.આઇ.આર. ની નકલ.

(b) એરેસ્ટ મેમો/પ્રોડકશન રિપોર્ટની ઝેરોક્ષ નકલ.

(c) રિમાન્ડ અરજી અને તેના પરનો હુકમની ઝેરોક્ષ નકલ.

(d) જામીન અરજી તથા તેના પરનો હુકમની ઝેરોક્ષ નકલ.

(e) સામાવાળા તરફે:– ત.ક.અ.શ્રીનું સોગંદનામું.

4. **સુનાવણી**:– અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીને વિગતવાર સાંભળ્યા.

(a) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ જામીન અરજી મુજબની વિગતો રજુ કરીને અરજીના સમર્થનમાં દલીલ કરેલ છે કે,સમગ્ર એફ.આઇ.આર. જોવામાં આવે તો, બનાવ તા.૭–૪–૨૦૨૨ થી તા.૧૫–૪–૨૦૨૨ ના રોજ બનવેલાનુ જણાવેલ છે અને ફરિયાદ તા.૩૦–૫–૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. ફરિયાદ દોઢ માસ મોડી આપવામાં આવેલ છે. આ કામના મુખ્ય આરોપી મુકેશ જૈન અને દલાલ વિકાસ તતા દલાલ હરીશ ઉર્ફે રવિ શર્માનાઓ સાથે મળીને ગ્રે કાપડનો માલ અરજદાર/આરોપીના ફર્મના નામ પર મંગાવી માલની ડીલીવરી મુકેશભાઇનાએ મેળવી લીધેલ છે. ફરિયાદમાં ધણી બધી હકીકત ઉપજાવી કાઢવામાં આવેલ છે અને તદન ખોટી રીતે સલાબતપુરા પોલીસે સંડોવેલ છે. અરજદાર/આરોપીની ફરિયાદ મુજબ કોઇ સંડોવણી કે ભુમિકા જણાય આવતી નથી કે અરજદાર/આરોપીએ ફરિયાદમાં જણાવ્યા મુજબનુ કોઇ પણ પ્રકારના ગુનાહિત કૃત્યો કરેલ નથી. સમગ્ર ફરિયાદ જોવામાં આવે તો વેપારી ટ્રાન્જેકશન છે અને અરજદાર/આરોપીએ કોઇ પણ પ્રકારનો વિશ્વાસધાત કે છેતરપિંડી કરેલ નછી. વધુમાં જણાવવાનું કે ફરિયાદમાં આઇ.પી.સી.

કલમ–૪૦૯ લગાવવામાં આવેલ છે તે પ્રમાણે અરજદાર/આરોપી પબ્લીક સર્વન્ટ નથી,એજન્ટ કે બેંકર નથી જેથી આઇ.પી.સી.કલમ–૪૦૯ લાગુ પાડી શકે નહીં. વધુમાં સદર કામના ફરિયાદીએ કોઇ મિલકતની સોંપણી કરેલ નથી કે આપેલ નથી જેથી અરજદાર/આરોપીને આ કલમ લાગુ પાડી શકે નહીં. તપાસ કરનાર એજન્સી ખુબ જ મનસ્વી રીતે અને કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધ વર્તી રહ્યા હોવાનું પ્રાથમિક રીતે જણાય આવે છે અને સદર ફરિયાદ દાખલ થતા પહેલા કે પછી આરોપીને એરેસ્ટ કર્યા પહેલા અરજદારને સમન્સ કે નોટિસ મોકલેલ નથી.વધુમાં સદર કામે કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન સહિત તપાસની કામગીરી પુર્ણ થયેલ હોય જેથી તપાસમાં અડચણ કરવાનો કે સાક્ષી ફોડવાનો પ્રશ્ન ઉભો થતો નથી. વધુમાં સદર ગુનાના કામે પકડાયેલ આરોપી હરજીરામ ઉર્ફે હરી ઉર્ફે મહાવીર જૈન ઉર્ફે રવિ શર્મા દયારામ ચૌધરીનાઓએ રેગ્યુ.જા.અ.નં.૮૧૦૪/૨૦૨૨ થી કરેલ જે તા. ૨૩–૧૨–૨૦૨૨ ના રોજ શરતોને આધિન મંજુર કરેલ છે જે પેરીટીને ધ્યાને લઇ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં ઠરાવેલા માર્ગદર્શક સિધ્ધાંતો તેમજ અરજીની હકીકતોને ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(b) સરકારશ્રી તરફે એ.પી.પી.શ્રીએ ફરિયાદ, પોલીસ પેપર્સની વિગતોનો આધાર લઇને અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતા દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ મહત્વનો અને સબળ પુરાવો છે. સદર અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપી સાહેદો/સાક્ષીઓ તેમજ ફરિયાદીને ડરાવી ધમકાવી કેસને ઘણુ જ ગંભીર પ્રકારનું નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે. જેથી તેના જામીન આપવામાં આવે તો ફરી પાછી આવા પ્રકારના ગુનાઓ આચરી પ્રજાની જાન માલને નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતાઓ રહેલી છે. જેના કારણે પ્રજાને કાયદાની ન્યાયિક પ્રક્રિયા ઉપરનો વિશ્વાસ ઉઠી જવાની તેમજ સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો

પડે તેવી પુરેપુરી શકયતા રહેલ છે. જેથી સમાજમાં દાખલો બેસડવા માટે પણ હાલના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

5. **નિર્ણયના કારણો:**– અરજદાર/આરોપીની અરજી, રજુ થયેલ દસ્તાવેજો, ફરિયાદ, પોલીસ પેપર્સને વંચાણે લેતા અને બંને પક્ષોની રજુઆતને ધ્યાને લીધેલ છે.

(a) બંને પક્ષકારોને સાંભળ્યા. રેકર્ડ ઉપરની હકીકત જોતાં અરજદાર/આરોપીને તા.૧૧–૧૨–૨૦૨૨ ના રોજ સલાબતપુરા પોલીસે ૨૩/૦૦ કલાકે અટક કરેલ અને તા.૧૨–૧૨–૨૦૨૨ ના રોજ વિધ્વાન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરેલા અને ત.ક.અમલદારે દિન–૧૦ ના રીમાન્ડની માંગણી કરતાં વિધ્વાન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટે તા. ૧૬–૧૨–૨૦૨૨ ના રોજ ૧૧/૦૦ કલાક સુધીના રીમાન્ડ મંજુર કરેલ અને ત્યારબાદ તા.૧૬–૧૨–૨૦૨૨ ના રોજ રીમાન્ડ પુર્ણ અરજદાર/ આરોપીએ જામીન અરજી કરતાં વિધ્વાન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટે નામંજુર કરેલી જેથી તા.૧૬–૧૨–૨૦૨૨ થી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. વધુમાં ફરિયાદ દોઢ માસ મોડી આપવામાં આવેલ છે જેમાં ફરિયાદ મોડું આપવાનું કારણ ફરિયાદીએ જણાવેલ નથી અને મુખ્ય આરોપી હજુ સુધી પકડાયેલ નથી. અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ ગુનાહિત ઈતિહાસ નથી અને અરજદાર/આરોપીના શીરે તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે અને વેપાર કરી તેમનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. આમ, અરજીની હકીકતો તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ તેમજ બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર/આરોપીની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી–અનિલ હરસુખભાઇ દેવાણીને,સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નં .૧૧૨૧૦૦૫૫૨૨૦૪૭૬/૨૦૨૨,ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૦૯,૧૧૪,૧૨૦બી મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ,અરજદાર/આરોપીએ રૂ.૧૫,૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરાના જામીન તથા તેટલી રકમના જાતમુચરકા નીચેની અદાલતમાં આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહી કે, સાક્ષીઓને પોતાની તરફેણમાં રજુઆત કરવા ધાક,ધમકી,લોભ–લાલચ –પ્રલોભન આપશે નહી.

(૨) અરજદાર/આરોપી તથા તેઓના જામીનદારે પોતાના ઓળખપત્રના ફોટા તથા સરનામા સહીતનો પુરાવો રજુ કરવાનો રહેશે અને તેવા રહેઠાણને નીચલી કોર્ટની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બદલવુ નહી.

(૩) અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) અરજદાર/આરોપીએ ફરી આ પ્રકારના ગુનાહીત કૃત્ય કરવા પ્રયત્નો કરવા નહી.

(૫) અરજદાર/આરોપીએ પાસપોર્ટ સંબંધિત કોર્ટમાં જમા કરાવવો તેમજ પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મુજબનું સોગંદનામુ કરવું.

આ હુકમની યાદી સંબંધિત ટ્રાયલ કોર્ટમાં તથા સંબંધીત પો.સ્ટે.માં મોકલી આપવી.

અરજદાર/આરોપીએ જામીન સંબંધિત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવાના રહેશે

હુકમ આજરોજ તા.૩૧ મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૩૧/૧૨/૨૦૨૨ (ભરતકુમાર પુરૂષોત્તમભાઇ પુજારા )[ગુજ૦૦૪૧૫]

મુ.: સુરત બીજા અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશ, સુરત

KPP